| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૪/૦૫/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૮૪૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૨૨૪ | ૫૭ | ૮૨૮૧ | ૧૪૨૧૦ | ૮૦ | ૧૪૨૯૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૧૧૬ | ૧૪ | ૪૧૩૦ | ૫૬૨૩ | ૧૧ | ૫૬૩૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૩ | ૧ | ૨૪ | ૧૯૦ | ૦ | ૧૯૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૫૭૩૯ | ૧૮૬ | ૫૯૨૫ | ૬૪૨૪ | ૧૮૮ | ૬૬૧૨ |
| | કુલ | ૧૮૧૦૨ | ૨૫૮ | ૧૮૩૬૦ | ૨૬૪૪૭ | ૨૭૯ | ૨૬૭૨૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૨૨ | ૧,૪૦,૪૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીઓની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

### COVID-19 વાયરસ અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ ૧૩ ગુનામા કુલ ૨૬ ઇસમોની અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીસેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જી' ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ. પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી.પટેલ સા. નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ હાલ મા અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટ્રીએ ગીચ એન ભીડભાડ વાળો હોઇ નોવેલ કોરોના વાયસ ઝડપથી સંક્રમણ ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગાલ રૂપે લોકોની વધુ અવર –જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ નોટીફિકેશન નં.જીજી/૪૨૨/સીઆસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગ તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફ્કા/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જાહેરનામા ક્રમાંક વિશા/જાહેરનામુ/એ-સેકશન/પરમીટ-૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ થી જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો મળે આવતા તેમના વિરુધ્ધ તારીખ.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ ધી.ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જીપીએક્ટ કલમ -૧૩૫ તથા એપેડમીક ડીસીઝ એક્ટ કલમ ૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

કુલ્લે – ૧૩ કેસ કરવામા આવેલ છે
ઉપરોક્ત ગુના પૈકી બે કે ત્રણ આરોપી હોય તેવા કેસ = ૧૩

## આરોપીઓના નામ સરનામા –

(૧) અશોકભાઇ સ/ઓફ દેવધારી જાતે-શર્મા ઉ.વ.૪૮ રહે, રબારીવાસ સુભાષનગર સરદરાનગર અમદાવાદ શહેર +૨૫=૨૬

<u>**આરોપીના ફોટા :-**</u>



## ઇસનપુર પોલીસ સ્ટેશન

# કોરોના બિમારીની મહામારીમા કારણવગર બહાર આટાફેરા કરતા ૩ ઇસમો વિરૂધ્ધમા મે.પોલીસ કમિશ્નર સાહેબના જાહેરનામા ભંગના કુલ-૦૩ કેસ કરતી ઇસનપુર પોલીસ

હાલમા વિશ્વમા કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય અને સરકાર શ્રીએ લોકડાઉન જાહેર કરેલ હોય અને અમદાવાદ શહેર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળુ હોય નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા ખાતર મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેરનાઓએ સી.આર.પી.સી કલમ ૧૪૪ મુજબનુ જાહેરનામુ બહાર પાડેલ હોય લોકડાઉનનુ પાલન થાય અને મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રીના જાહેરનામાનો ભંગ થતો અટકાવવા માટે પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા પો.સબ.ઇન્સ આર.આર ગળચર તથા એ.એસ.આઇ. પી.આર.ચાવડા તથા સ્ટાફ નાઓએ આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા જુદા-જુદા વિસ્તારમાથી લોકડાઉન હોવા છતા અને મે.પોલીસ કમિશ્નર સાહેબનુ જાહેરંનામુ અમલમા હોવા છતા કોઇ સત્તાધીકારીની મંજુરી મેળવ્યા વગર જાહેરમા આટાફેરા કરતા ઇસમો (૦૧) મહમદઆમીન કાદરભાઇ ઉ.વ ૪૩ રહે મ.ન ૨૦ રોયલ ફ્લેટ ગુજરાત ટુડે પ્રેસની બાજુમા દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) મહમદઇરફાન યાસીનભાઇ અન્સારી ઉ.વ ૨૬ રહે મ.ન ૯૯ અલીફનગર વટવા અમદાવાદ શહે (૩) શકીલ શફીખાન ચૌહાણ ઉ.વ ૩૭ રહે નરસિહજીના કાચા છાપરા નરસિહજી મંદિર પાસે ચડોળા અમદાવાદ શહેર નાઓને પકડી પાડી મે પોલીસ કમિશ્નર સાહેબ.શ્રી અમદાવાદ શહેરનાઓના જાહેરનામા ભંગના કુલ-૦૩ કેસ કરવામા આવેલ છે તારીખ.૨૩/૦૫/૨૦૨૦

## **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-**

## **COVID-19 વાયરસ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૨૦-ઇસમોની અટકાયત કરી કુલ્લે-૨૦ કેસો કરતી કૃષ્ણનગર પોલીસ**

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળો હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળોૅએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ વ્યાજબી કારણ વગર સાંજના સાત વાગે થી સવારના સાત વાગ્યા સુધી સખ્ત કર્ફ્યુમાં ફરતો ન જણાઇ તેમજ મોટર સાઇકલ ઉપર એક થી વધુ ઇસમો સવાર ના થાય તે સારૂ મોબાઇલ ગાડીઓ દ્વારા વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૬૦ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં સખ્ત કર્ફ્યુમાં તથા મો.સા. ઉપર ૨૦-ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર ની કચેરીના જાહેરનામાં ક્રમાંક/વિ.શા/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે ૨૦-ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૨૦ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૨૩/૦૫/૨૦૨૦


## **આરોપીઓના નામ:-**

અજીતસિંહ નારસિંહ જાતે.ડાભી ઉ.વ.૩૫ રહે. મ.નં.ડી/૭૮ લાભાર્થ સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર + ૧૯ = ૨૦

# કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

શ્રી જે.બી.ચૌહાણ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા શ્રી એન.એસ.સાકરીયા પોલીસ સબ ઇન્સપેક્ટર તથા સાથેના સ્ટાફના માણસો અ.હે.કો. કલ્પેશભાઇ રણછોડભાઇ બ.નં. ૫૦૭૧ તથા લોકરક્ષક કાનુભા જગદીશસિંહ બ.નં.૭૦૯૮ તથા લોકરક્ષક સતીષભાઇ જેન્તીભાઇ બ.નં. ૫૩૧ તથા અ.લોકરક્ષક અગજીભાઇ વશરામભાઇ

## આરોપીઓનો ફોટો



## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## નોવેલ કોરોના વાયરસ COVID-19 અનુસંધાને લોક ડાઉન દરમ્યાન CRPC કલમ-૧૪૪ ના જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કાર્યવાહી કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જી ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમાજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ અમદાવાદ શહેરમાં પણ કેસો નોંધાયેલ હોય જે અનુસંધાને તકેદારીના પગલા રુપે લોકોની વધુ અવર જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટ્કાવવા સારુ તેમજ લોકો વ્યાજબી કારણ સિવાય રોડ ઉપર ફરે નહિ તે સારુ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઈલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે લાઉડ સ્પીકરથી સુચનાઓ આપેલ જેમાં શાકભાજી તથા કરીયાણાની દુકાનો તેમજ ફેરીયાઓથી સુપર સ્પ્રેડર્સ તરીકે કોરોનાનુ સંક્રમણ વધારે પ્રમાણમાં થતા સરકાર શ્રી દ્વારા આવા ફેરીયાઓ તેમજ દુકાનદારો માટે જરુરી ગાઈડ લાઈન નક્કી કરી હેન્ડ સેનેટાઈઝર તથા હાથ મોજા તથા માસ્ક તથા હેલ્થ સ્ક્રીનીગ કાર્ડનો ઉપયોગ કરવાનો તેમજ સોસીયલ ડીસ્ટેંસીંગનુ પાલન કરાવવાનો નિયમનુ ફરજીયાત લાગુ કરેલ હોવા છતા કેટલાક વેપારીઓ તથા ફેરીયાઓ તેમજ ટુ વ્હીલર વ્હીકલ ઉપર એક વ્યક્તિ તથા ફોર-વ્હીલર ગાડીમાં ડ્રાઈવર સાથે બે વ્યક્તિઓએ મુસાફરી કરવાની હોય જેઓએ આ નિયમોનુ પાલન નહિ કરી મે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક- વિ.શા/જાહેરનામુ/એ/સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૮/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર કુલ- ૨૧ ઈસમોને અટક કરી તેમના વિરુધ્ધમાં ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ધી એપેડમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૩ તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ-૫૧(બી) મુજબ અલગ અલગ જાહેરનામા ભંગના કુલ-૧૪ કેસો કરેલ છે.

### આરોપીઓના નામ-:

(૧) સૌરભ S/O વાસુદેવ જસનાની ઉ.વ.૨૩ રહે- મ.નં.૩૧૬/બી, સિંધી કોલોની, ઔડા માર્કેટની પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર (૨) ભગવાનદાસ S/O કિશનચંદ જેસવાણી ઉ.વ.૫૨ રહે – મ.નં ૬૫/બી, સિંધી કોલોની, ગોપી ફ્લેટની બાજુમાં, સરદારનગર, અમદાવાદ શહેર (૩) કાનજીભાઈ S/O રાજાભાઈ વાઘેલા ઉ.વ.૫૫ રહે- જોગણીમાતાના છાપરા, ભદ્રેશ્વર સરદારનગર અમદાવાદ શહેર (૪) મુકેશ ઉર્ફે ટેક્ષી S/O કિશનભાઈ વાઘેલા ઉ.વ.૨૨ રહે – રમેશ દત્ત ક્લોને, ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૫) વિનોદભાઈ S/O દોલતરામ મૂલચંદાણી ઉ.વ.૬૦ રહે- મ.નં ૮૬૪/૫ ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર અમદાવાદ

શહેર (૬) જીતુ S/O અશોકભાઈ કિશનભાઈ વાઘેલા ઉ.વ.૨૨ રહે – મ.નં ૮૬૪/૫ ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૭) સંજયભાઈ S/O પ્રકાશભાઈ ધાનકા ઉ.વ.૨૮ રહે- મ.નં ૧૪૧, સમરથનગર, જીવનદીપ હોસ્પીટાલ પાછળ, સરદારનગર અમદાવાદ શહેર (૮) મનોજ S/O પૂનમભાઈ ધાનકા ઉ.વ.૨૮ રહે – ૧૪૧, સમરથનગર, જીવનદીપ હોસ્પીટાલ પાછળ, સરદારનગર અમદાવાદ શહેર (૯) સુરેશભાઈ S/O પરમાનંદ સોની ઉ.વ.૩૩ રહે- મ.નં ૬૩૪ આંબાવાડી, સમરથનગર, સરદારનગર અમદાવાદ શહેર (૧૦) કમલેશ S/O ગોપાલદાસ સોની ઉ.વ.૨૨ રહે – મ.નં ૬૩૪ આંબાવાડી, સમરથનગર, સરદારનગર અમદાવાદ શહેર (૧૧) રમેશભાઈ S/O અરજણદાસ કુંદનાની ઉ.વ.૩૯ રહે- મ.નં ૧૭૮/૩/બી સિંધી કોલોની, હાંસોલ, સરદારનગર અમદાવાદ શહેર (૧૨) ભાવેશ S/O સોનીભાઈ કુંદનાની સોની ઉ.વ.૨૧ રહે – મ.નં ૧૭૮/૩/બી સિંધી કોલોની, હાંસોલ, સરદારનગર અમદાવાદ શહેર (૧૩) કિશોરભાઈ S/O નાનકરામ ચાવલા ઉ.વ.૫૩ રહે- મ.નં ૧૭૮/૩/બી સિંધી કોલોની, હાંસોલ, સરદારનગર અમદાવાદ શહેર (૧૪) મહેશભાઈ S/O નાનકરામ ચાવલા ઉ.વ.૫૫ રહે- મ.નં ૧૭૮/૩/બી સિંધી કોલોની, હાંસોલ, સરદારનગર અમદાવાદ શહેર (૧૫) સુરેશભાઈ S/O રામચંદ્રભાઈ પટણી (ભજીયાવાળા) ઉ.વ.૩૯ રહે- શિવ શક્તીનગરના છાપરા, ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૬) નરેશ S/O નારાયણદાસ ખાનચંદાની ઉ.વ.૫૧ રહે- મ.નં ૬૬૭/૧ ભીલવાસ ચાર રસ્તા આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૧૭) મનોજ S/O દામોરદાસ મોટવાણી ઉ.વ.૫૨ રહે- મ.નં ૭૮૮/૧ ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૮) નરેશ S/O દયારમ સોની ઉ.વ.૪૨ રહે- મ.નં ૭૮૧/૫ ભીલવાસ ચાર રસ્તા આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૧૯) રમેશભાઈ S/O વીરુમલ તારાચંદાણી ઉ.વ.૫૬ રહે- મ.નં ૪૯૮ સમરથનગર જય અંબે હોસ્પીટલ પાસે આંબાવાડી, સરદારનગર અમદાવાદ શહેર (૨૦) હોશિયારસિંગ S/O દેવસિંગ રાજપૂત ઉ.વ.૫૦ રહે- મ.નં ૪૯૯ સમરથનગર જય અંબે હોસ્પીટલ પાસે આંબાવાડી, સરદારનગર અમદાવાદ શહેર (૨૦) સમીર S/O મનહરલાલ બાલચંદાની ઉ.વ.૩૫ રહે- મ.નં ૭૮૬/૧ ભીલવાસ ચાર રસ્તા આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૨૧) રાજા S/O તોલારામ સુવંદા ઉ.વ.૩૬ રહે- મ.નં ૭૮૬/૨ ભીલવાસ ચાર રસ્તા આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.રાઠવા (૨) પો.સ.ઈ. જે.જે.ચૌધરી (૩) મ.સ.ઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ બ.નં ૭૯૩૩ (૪) અ.હે.કો. રમેશભાઈ મંગળભાઈ બ.નં ૯૫૧૪ (૫) અ.પો.કો. અલ્પેશસિંહ પ્રવીણસિંહ બ.નં ૮૬૯૦ (૬) અ.પો.કો. શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં ૪૫૯૭ (૭) અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં ૪૧૪૦ (૮) અ.પો.કો. ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭ (૯) અ.પો.કો. જગદીશભાઈ જયંતીભાઈ બ.નં ૮૪૯૩ (૧૦) અ.પો.કો. બળવંતસિંહ કનુસિંહ બ.નં ૩૧૧૫ (૧૧) અ.લો.ર. પ્રવીણભાઈ દીતાભાઈ બ.નં ૮૮૯૪

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## નોવેલ કોરોના COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામાંનો ભંગ કરતા ૧૮ ઇસમોની અટકાયત કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનીયર પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ લોકો વાહનો ઉપર તેમજ વ્યાજબી કારણ વગર રોડ-રસ્તાઓ ઉપર ફરે નહી તે સારૂ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક:વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૨૦/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર ૧૮ ઇસમોને આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૦ પકડી અટક કરી તેમના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ-૫૧ (બી) તથા જીપીએકટ કલમ-૧૩૫ મુજબ જાહેરનામા ભંગના કુલ-૦૭ તથા જુગારધારા કલમ-૧૨ મુજબ-૦૧ કેસ કરવામાં આવેલ છે.

**આરોપીઓના નામ ;-**

(૧) માંગીલાલ ઉત્તમભાઇ બાયડ ઉ.વ.૨૮ રહે.નરેશભાઇના છાપરા કલાપીનગર,
મેઘાણીનગર ,અમદાવાદ શહેર + ૧૭ = ૧૮

## <u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;-</u>

પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.હે.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.ન.૫૬૮૨ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧



## નરોડા પોલીસ સ્ટેશન :-

# COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસકમીશ્નરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ કુલ ૧૮ ગુનામાં કુલ ૨૯ ઇસમોની અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ.પોલીસ ઈન્સપેકટર જે.જી.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા-૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નં-જીજી/૪૨૨/સીઆર્સી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા-૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં-જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અંવચે જાહેરનામાક્રમાંક:વીશા/જાહેરનામુ/એ-સેક્શન/પરમીટ-૨૦/૨૦૨૦ તા-૦૩/૦૫/૨૦૨૦ થી જાહેર નામાનો ભંગ કરનાર ઇસમો મળી આવતા તેમના વિરૂધ્ધમા આજરોજ તારીખ-૨૨/૦૫/૨૦૨૦ ના રોજ ધી ઇ.પી.કો કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તથા એપેડમિક ડેસીજ એક્ટ કલમ-૩ તથા ડિઝાસ્ટર મેનેજમેંટ એક્ટ (૨૦૦૫) ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કુલ અલગ અલગ ૨૭ કેસ કરવામાં આવેલ જેમાં કુલ ૪૧ આરોપીઓ ને પકડી અટક કરવામા આવેલ છે.તા.૨૩/૦૫/૨૦૨૦

આજ રોજ ૧૮૮ મુજબ કુલ ગુના - ૧૮ જેમાં કુલ ૨૯ આરોપીઓ અટક કરવામાં આવેલ છે.

## આરોપી નામ સરનામા :-

(૧) અમીતભાઇ ભાનુભાઇ ઓડ ઉ.વ. ૧૯ રહે, નારાયણનગર ભરવાડ વાસની બાજુમાં નરોડા અમદાવાદ શહેર + ૨૮= ૨૯

ઉપરોક્ત ગુનામાં મોટર સાયકલ ઉપર બે સવારી કરી મ.પો.કમીશ્રીના જાહેરનામા નો ભંગ કરતા કુલ ૧૦ ગુના દાખલ કરી ૨૦ આરોપી અટક કરવામાં આવેલ છે. હેલ્થ કાર્ડ ના ધરાવાતા કરીયાણાના વેપારીનો એક ગુનો નોધવામાં આવેલ છે હેલ્થ કાર્ડ ના ધરાવાતા ફ્રુટ અને શાકભાજી વેચતા ફેરીયાના ૬ ગનામાં ૬ આરોપી અટક કરેલ છે

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી –

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા પો.કો.પંકેશભાઇ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રદિપઅકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ એલ.આર. મયુરધ્વજસિંહ અનીરુધ્ધસિંહ બ.નં.૧૪૬૭ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.

# <u>ઇદ નિમિતે જરૂરીયાત મંદોને કીટ વિતરણ</u>

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

રમજાન ઈદ નિમિતે મુસ્લિમ આગેવાનો તેમજ ઇસનપુર પોલીસ દ્વારા મિલ્લતનગરમા જરૂરીયાતમંદોને સેવકીટ વિતરણ કરવામાં આવી. ઇદના દિવસે ઘરે રહી નમાજ કરવા તથા સોશ્યલ ડીસ્ટન્ટ જાળવવા વિગેરે સમજ કરવામાં આવી.






## ફરજ દરમ્યાન કોરોના વાયરસથી સંક્રમિત થયેલ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ લો.ર મનોજકુમાર ગોપાલભાઇ સારવાર બાદ પોલીસ સ્ટેશન હાજર થતા પુષ્પ વર્ષાથી અભિવાદન

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :-**

આજરોજ અમદાવાદ શહેર શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એચ.ડી.ધાંધલ્યા સાહેબ તથા પોલીસ ઇન્સપેક્ટર વી.ડી.વાળા સાહેબનાઓ દ્વારા હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની મહામારી સંદર્ભમાં સાથી પોલીસ કર્મચારીઓને જરૂરી સુચનો માર્ગદર્શન આપી સાથી પોલીસ કર્મચારીઓનું મનોબળ વધાર્યુ હતું. તેમજ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ લો.ર મનોજકુમાર ગોપાલભાઇ ફરજ દરમ્યાન કોરોના વાયરસથી સંક્રમિત થયેલ હતા જેઓ સારવાર બાદ પોલીસ સ્ટેશન હાજર થતા મે.મ.પો.કમિ શ્રી એચ.ડી.ધાંધલ્યા સાહેબનાઓ દ્વારા તથા પોલીસ ઇન્સપેક્ટર વી.ડી.વાળા સાહેબનાઓ દ્વારા અને સ્ટાફના કર્મચારીઓ દ્વારા મનોજભાઇનું પુષ્પ વર્ષાથી તેમજ પુષ્પ હાળથી સ્વાગત તથા અભિવાદન કરવામાં આવ્યુ હતુ.





# લૂંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## લૂંટનો આરોપી તથા મુદ્દામાલ શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૫૩૪/૨૦૨૦ ઇપીકો કલમ-૩૯૪ ૧૧૪ તથા જીપીએક્ટ કલમ-૧૩૫(૧) તથા (૨) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૫૪૦/૨૦૨૦ ઇપીકો કલમ-૩૯૭,૩૯૪,૩૩૭,૪૨૭,૧૧૪ તથા જીપીએક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામમાં લૂંટમાં ગયેલ રોકડા રૂ.૨૦૦૦/- તથા એક ઓપો કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૫૦૦૦/- ગણી શકાય તે આરોપી- મહેશ ઉર્ફે કટ્ટો સ/ઓ રાજુભાઇ પોપટભાઇ જાતે-પટણી (માનવાળા) ઉ.વ.૧૯ ધંધો-છુટક મજુરી રહે-બ્લોક નં-૮/૧૭૨ એમ.એલ.એ ક્વાર્ટર્સ હોળી ચકલા, અસારવા, મેઘાણીનગર અમદાવાદ શહેરનાનો કબુલાત કરતા ઉપરોકત ગુનાના કામે તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ પકડી અટક કરી ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-**

મહેશ ઉર્ફે કટ્ટો સ/ઓ રાજુભાઇ પોપટભાઇ જાતે-પટણી (માનવાળા) ઉ.વ.૧૯ ધંધો-છુટક મજુરી રહે-બ્લોક નં-૮/૧૭૨ એમ.એલ.એ ક્વાર્ટર્સ હોળી ચકલા, અસારવા, મેઘાણીનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** રોકડા રૂ.૧૦૦૦/- તથા ગુનામાં વાપરેલ છરી રીકવર કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-**

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો પ્રદીપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.મુકેશ સાંકાભાઇ બ.નં.૪૯૧૧



# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશન :-</u>**

## <u>“નોવેલ કોરોના COVID-19 અનુસંધાને લોકડાઉન દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારુની નાની બોટલ કુલ ૧૪૪ તથા બીયર ટીન ૨૪ કુલ્લે મુદામાલ રૂ. ૬૩,૪૦૦/- સાથે એક મહીલાને પકડતી નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના COVID-19 અનુસંધાને લોક્ડાઉન દર્મ્યાન પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક મહીલા નામે રીનાબેન રોકીભાઇ તમંચે (છારા) ઉ.વ.૪૦ રહે માચીસ ગલી રાજુભાઇ કરીયાણાની દુકાનની ઉપર કુબેરનગર સરદાર નગર અમદાવદ શહેર નાનીને નરોડા નાના ચીલોડા અમરદીપ રેસીડંસી તરફ જતા રોડ ઉપરથી ભારતીય બનાવટની વિદેશીદારુની ક્વાટર નંગ ૧૪૪ ની કિંમત રૂ. ૩૬૦૦૦/- તથા ક્વાટર નંગ ૨૪ કિંમત રૂ. ૨૪૦૦/- તથા મારુતી જેન ગાડી કિંમત રૂ. ૨૫૦૦૦/- ગણી કુલ્લે રૂ. ૬૩૪૦૦/- મુદ્દામાલ સાથે તા.૨૪/૦૫/૨૦૨૦ ના કલાક ૨/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૫ એ(ઇ) ,૬૬(૧)બી,૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

### <u>આરોપીનુ નામ –</u>

(૧) રીનાબેન રોકીભાઇ તમંચે (છારા) ઉ.વ.૪૦ રહે માચીસ ગલી રાજુભાઇ કરીયાણાની દુકાનની ઉપર કુબેરનગર સરદારનગર (કોરોના ટેસ્ટ કરાવી નજર કેદ રાખવામાં આવેલ છે) (૨) વોટેડ- અજય કાલીચરણ સુસ્વાહ ઉ.વ.૨૫ રહે.બંગ્લા એરીયા રબારી વાસ કુબેરનગર સરદારનગર (૩)વોટેડ-રીતેશ ઉર્ફે અંધો ફુલચંદભાઇ ગારંદે રહે.માચીસ ગલી સરદારનગર

### <u>મુદ્દામાલ</u> –

ભારતીય બનાવટની વિદેશીદારુની ક્વાટર નંગ ૧૪૪ ની કિંમત રૂ. ૩૬૦૦૦ /- તથા બીયર ટીન નંગ ૨૪ કિંમત રૂ. ૨૪૦૦/- તથા મારુતિ જેન ગાડીનંબર જી.જે ૧-એચ.એચ ૭૪૩૨ કી.રૂ ૨૫૦૦૦/- ગણી <u>કુલ્લે મુદામાલ રૂ.</u> ૬૩,૪૦૦/-

## કામગીરી કરનાર કર્મચારી

પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા અ.લો.ર. લાલાભાઇ રયાભાઇ બ.ન. ૧૩૨૪ તથા અ.લો.ર. દેવેન્દ્રસીહ ભિખુભા બ.ન.૨૫૧ તથા લો.ર પ્રકાશભાઈ ધનજીભાઈ બ.ન. ૩૬૬ તથા વુ.એલ.આર. નેહાબા જીલુભા

.






**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૬૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને પીક અપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૦**

**વેજલપુરઃ** રેશમાબાનુ વા/ઓફ આબીદહુશેન મોમીન (ઉ.વ.૩૮) (રહે. અરહામ ફ્લેટ અશરફનગર પાસે વેજલપુર) એ તા.૨૨/૦૫/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં કપડા ધોતા હતા ત્યારે તરસ લાગતા ભુલથી પાણીની બોટલ સમજી એસીડની બોટલમાંથી એસીડ પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૫/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૦**

**સાબરમતીઃ** વિષણુજી મોતીજી ઠાકોર (ઉ.વ.૩૬) (રહે.પગીવાસ ત્રાગડ ગામ સાબરમતી) તા.૧૯/૦૫/૨૦૨૦ સવારના ચાલવા માટે નીકળેલ અને મોડે સુધી ઘરે આવેલ નહી જેથી તેની શોધખોળ કરવા છતા મળી આવેલ નહી શોધખોળ કરતા તા.૨૨/૦૫/૨૦૨૦ સાજના ૭/૧૦ વાગે ત્રાગડ ગામની સીમમાં બ્રોડગેજ તથા મીટરગેજ રેલવે લાઈનની નજીકમાં આવેલ ખેતરમાં બાવળના ઝાડની ડાળ સાથે રસ્સી બાંધી ગળેફાસો ખાધેલ હાલતમાં મળી આવતા સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઈ પોપટભાઈ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** નૈનીદેવિ વા/ઓફ ઉમેદી ગીરધારીલાલ સાલ્વી (ઉ.વ.૨૬) (રહે. સુવિધાપાર્ક સોસાયટી બોમ્બે કંડ્કટર રોડ જીઆઈડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનની ઓસરીમાં હિંચકાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વમી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.